## જાહેર ખબર

## (વાહન હરાજીથી વેચવાનું છે.)

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગસચિવાલય, ગાંધીનગર હસ્તકની મારૂતિ એસ્ટીમ કાર નં. જીજે-૧૮-જી-૧૧૭૩ અને ટાટા સુમો કાર નં.જીજે-૧૮-જી-૧૧૭૪ મોડેલ નં.૨૦૦૦ છે. આ કાર નવા સચિવાલયના પાર્કિંગમાં હાલમાં બંધ હાલતમાં છે.તેવી જ હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે.

વાહન સરકારી કામકાજના દિવસોમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ઉપસચિવશ્રી (મહેકમ) બ્લોક નં. ૭/૫મો માળ, નવા સચિવાલય, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરીને નવા સચિવાલયના પાર્કિંગમાં જોઈ શકાશે, આ અંગેના ભાવો તા.૦૫/૦૨/૨૦૧૯ સુધીમાં સીલબંધ કવરમાં નીચે જણાવેલ કચેરીને R.P.A.D. થી કવર ઉપર "વાહન વેચાણના ભાવ " એમ દર્શાવી મોકલી આપવાના રહેશે, સીલ બંધ કવરો તા. ૦૭/૦૨/૨૦૧૯ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે, સ્વિકારવાની સત્તા સક્ષમ અધિકારીની રહેશે, જે પાર્ટીનું ભાવપત્રક સ્વિકારવામાં આવશે, તે પાર્ટીએ ગાડી દીઠ ભાવની રકમ તેમજ તે રકમ પર ભરવાપાત્ર GST ભરવાનો રહેશે, આ બન્નેકારની તળીયાની કિંમત અનુક્રમે રૂા. ૨૦,૦૦૦/- તથા રૂ.૪૦,૦૦૦/- છે. ગાડીનું નવું રજીસ્ટ્રેશન સબંધિત પાર્ટિએ કરાવ્યા બાદ જ ગાડીનો કબજો સોંપવામાં આવશે, અન્યશરતો www.dst.gujarat.gov.in પર જોઈ શકાશે અને રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

(વિ.એમ.વસાવા)
ઉપસચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

---

ક્રમાંક:મકમ/૨૦૦૯/૨૧૮/મહેકમ,
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:-૩૧-૦૧-૨૦૧૯

પ્રતિ,
સચિવાલયના સર્વે વિભાગો,
કલેકટરશ્રી કલેક્ટરની કચેરી, ગાંધીનગર.
આ જાહેરાત આપની કચેરી નોટીસ બોર્ડ પર મૂકવાની વિનંતી સહ.
સીસ્ટમ મેનેજર, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.

આપનો વિશ્વાસુ,

(વિ.એમ.વસાવા)
ઉપસચિવ
વિજ્ઞાનઅને પ્રૌદ્યોગિકી વિભાગ

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મારૂતિ એસ્ટીમ કાર નં. જીજે-૧૮-જી-૧૧૭૩ અને ટાટા સુમો કાર નં.જીજે-૧૮-જી-૧૧૭૪ ની ટેન્ડર/હરાજીની શરતો :-**

૧. વિભાગની મારૂતિ એસ્ટીમ કાર નં. જીજે-૧૮-જી-૧૧૭૩અને ટાટા સુમો કાર નં.જીજે-૧૮-જી-૧૧૭૪ ૨૦૦૦ મોડેલ છે. જેની ખરીદી કર્યાને ૧૭ વર્ષ પુરા કરેલ છે.

૨. આ વાહનની તળિયાની કિંમત અનુક્રમે રૂા. ૨૦,૦૦૦/- અને રૂ.૪૦,૦૦૦/- નકકી કરવામાં આવેલ છે.

૩. આ વાહનની ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવાનો હોઈ, અનુક્રમે રૂા.૨,૦૦૦/- અને રૂ.૪,૦૦૦/- ના રાષ્ટ્રીયકૃત બેંકના ડ્રાફટ/ફીકસ ડીપોઝિટ રસીદ સાથે તા.૦૫/૦૨/૨૦૧૯ સુધીમાં શ્રી વિ.એમ.વસાવા, ઉપસચિવ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં. ૭/૫મો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને મળી જાય તે રીતે સીલ બંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

૪. હરાજીમાં જે પાર્ટી/વ્યકિતઓએ ભાવપત્રકો રજુ કરેલ હોય અને ભાવપત્રક સાથે બાનાની રકમ અનુક્રમે રૂા. ૨,૦૦૦/- તથા રૂ.૪,૦૦૦/- બેંક ડ્રાફટ અથવા ફીકસ ડીપોઝિટ રજુ કરેલ હશે તે જ ભાગ લઈ શકશે.

૫. જાહેર હરાજીના પ્રસંગે તળિયાની કિંમત અથવા બંધ કવરમાં મળેલ અપર ભાવો પૈકી જે રકમ ઉંચી હશે, રકમથી તે બોલીની શરૂઆત કરવાની રહેશે.

૬. વાહનની હરાજી શરૂ થયે દરેક તબકકે રૂા. ૧,૦૦૦/-ના વધારા કરતાં ઓછી બોલી સ્વીકારવામાં આવશે નહીં.

૭. જાહેર હરાજી/અગર ઓફરથી જેના ભાવો સૌથી વધુ હશે, તેઓએ તુર્ત જ સ્થળ ઉપર ૨૫ ટકા રકમ હરાજીના દિવસે જમા કરાવવાની રહેશે, બાકીની રકમ હરાજી મંજુર થયેથી દિન-૭માં ભરવાની રહેશે, સદર રકમ સમય મર્યાદામાં ભરપાઈ ન થયે બાના સહિત ભરેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે.

૮. જે પાર્ટી/વ્યકિતના ભાવ સ્વીકારવા પાત્ર બનેલ ન હોઈ, તેઓએ ડીપોઝિટની રકમ તુરત જ પરત મેળવીને લેવાની રહેશે.

૦૯. જે રકમની ઓફર મંજુર થાય તેમણે હુકમની તારીખથી દિન-૭માં વાહન જે સ્થિતિમાં હશે, તે જ સ્થિતિમાં જે તે સ્થળેથી તેમના ખર્ચે અને જોખમે લઈ જવાનું રહેશે.

૧૦. જેની ઓફર મંજુર થાય તે વાહન વેચાણ રાખનારે તેમણે ભરેલ ભાવો ઉપરાંત GST ની રકમ અલગ ભરવાની રહેશે.

૧૧. ટેન્ડર ફીની રકમ પરત આપવામાં આવશે નહીં.

૧૨. ટેન્ડરો સ્વીકારવાની તેમજ ખોલવાની આખરી સત્તા આ માટે નિયુકત કરેલ સમિતિની રહેશે.

૧૩. આવેલ ઓફરો અથવા હરાજીમાં આવેલ છેવટની બોલી મંજુર કરવી/ન કરવી તે અંગેનો છેવટનો નિર્ણય વિભાગના સચિવશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)નો રહેશે જે તમામને બંધનકર્તા રહેશે.

(વિ.એમ.વસાવા)
ઉપસચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ